# ગુજરાતમાં કોરોનાના નવા ૧૨૦૬૪ કેસ નોંધાયા

## અત્યાર સુધીમાં કુલ ૫૦૩૪૯૭ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૮૩૭ કેસ

ગાંધીનગર,તા.૭

ગુજરાતમાં અત્યાર સુધીમાં પાંચ લાખથી વધારે લોકોએ કોરોનાને મ્હાત આપી છે. અત્યાર સુધીમાં કુલ ૫,૦૩,૪૯૭ દર્દીઓ કોરોના સામેનો જંગ જીતી ગયા છે. ગુજરાત માટે આજે બીજા સારા સમાચાર એ પણ છે કે આજે દાખલ થયેલા દર્દીઓ કરતાં સાજા થઈને ઘરે ગયેલા દર્દીઓની સંખ્યા વધી છે. સમગ્ર રાજ્યમાં આજે ૧૨,૦૬૪ દર્દીઓ નોંધાયા છે તેની સામે આજના દિવસે ૧૩,૦૮૫ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. અમદાવાદ શહેરમાં પણ આજે ૩,૭૪૪ નવા દર્દીઓની સામે સાજા થઈને ઘરે ગયેલા દર્દીઓની સંખ્યા ઘણી વધારે ૫,૨૨૦ છે. સુરતમાં પણ આજે ૯૦૩ નવા દર્દીઓ નોંધાયા તેની સામે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા ૧૬૭૦ છે. રાજકોટ શહેરમાં પણ દાખલ થયેલા દર્દીઓ કરતા સાજા થઈને ગયેલા દર્દીઓની સંખ્યા ઘણી વધારે છે. રાજકોટમાં આજે ૩૮૬ નવા દર્દીઓ દાખલ થયા છે જ્યારે ૪૪૮ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. સુરત જિલ્લામાં નવા ૩૦૬ દર્દીઓ ઉમેરાયા છે, તેની સામે ૪૯૯ દર્દીઓ સાજા થઈને ગયા છે. આણંદમાં ૧૯૫ નવા દર્દીઓ સામે સાજા થઈને ગયેલા દર્દીઓ ૨૨૯ છે. પાટણમાં ૧૩૯ નવા દર્દીઓ દાખલ થયા છે, તેની સામે ૨૧૦ દર્દીઓ સાજા થઈને ગયા છે. ગાંધીનગર શહેરમાં ૧૩૧ નવા દર્દીઓ નોંધાયા છે, તેની સામે ૧૬૧ દર્દીઓ સાજા થઈને ગયા છે. ભરૂચમાં નવા ૧૧૪ દર્દીઓ છે, જ્યારે ૧૬૯ દર્દીઓ સાજા થઈને ગયા છે. એવી જ રીતે સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૧૨ નવા દર્દીઓ ની સામે ૨૦૨ દર્દીઓ સાજા થઈને ગયા છે. રાજ્ય સરકારના સઘન પ્રયાસો, તબીબો અને સમગ્ર આરોગ્ય તંત્રની મહેનત અને સમગ્ર વહીવટીતંત્રના પરિશ્રમના સારા પરિણામો મળી રહ્યા છે. ગુજરાતમાં કોરોનાના સંક્રમણમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. ગુજરાતનો રિકવરી રેટ પણ ૭૬.૫૨ ટકા જેટલો થયો છે.

# રેમડેસિવિર ઈન્જેક્શન ઘાતક : અરવલ્લી જિલ્લાના ૪૦૦થી વધુ દર્દીઓમાં સુગરનું પ્રમાણ વધ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

રેમડેસિવિર ઈન્જેક્શનનો વધુ પડતો ઉપયોગ માનવ શરીર માટે ખતરાની ઘંટી બન્યો છે. અરવલ્લી જિલ્લામાં રેમડેસિવિર ઈન્જેક્શનથી સાજા થયેલા અસંખ્ય દર્દીઓમાંથી ૪૦૦ થી વધુ દર્દીઓમાં સુગરનું પ્રમાણ વધ્યાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ દર્દીઓ એવા છે કે તેમનું ક્યારેય સુગર લેવલ હાઈ થયું નથી કે તેમના પરિવારમાં પણ કોઈ સભ્ય ડાયાબીટીશથી પીડાતા ન હતા તો પછી કોરોનાની બિમારી પછી એકાએક સુગર વધવાનું કારણ શું..?? નિષ્કર્ષ એ બહાર આવ્યો કે રેમડેસિવિર ઈન્જેક્શનના કારણે સુગરનું પ્રમાણ વધ્યું છે. આવા દર્દીઓ યોગ્ય ચીવટ નહીં રાખે તો કીડની તેમજ આંખોને આડઅસર થવાની સંભાવના વધી છે.

જીવન રક્ષક દવાઓ લાંબા ગાળે સ્વાસ્થ્ય માટે હાનિકારક હોય છે તે દવાઓ પછી ભલે ગમે તે પ્રકારના દર્દની હોય..!! જિલ્લાના લાખો લોકો હૃદયરોગ, ડાયાબીટીશ, બ્લડપ્રેશર સહિત અનેક રોગોથી પીડાય છે અને તેઓ સારૂ જીવન જીવવા માટે ડૉક્ટર દ્વારા પ્રિષ્કાઈબ કરેલ દવાઓનો સવાર-સાંજ ઉપયોગ કરતા હોય છે પરંતુ કોરોનાની મહામારીએ આતંક મચાવ્યો અને છેલ્લા ૧૪ મહિનામાં અનેક દર્દીઓએ કોરોનાની સારવાર શરૂ કરી જેમાં ગંભીર હાલતવાળા દર્દીઓને ડૉક્ટરોએ રેમડેસિવિર ઈન્જેક્શનના ડોઝ આપ્યા, જલદી સાજા થઈ ગયા, ખુશાલી પણ જોવા મળી પરંતુ હવે આજ ઈન્જેક્શનની માનવ શરીરમાં સાઈડ ઈફેક્ટ સામે આવી છે. રેમડેસિવિર ઈન્જેક્શન લેનારા જિલ્લાના કેટલાય દર્દીઓ આંખે ઓછું દેખાય છે, પગમાં બળતરા થાય છે, થાક બહુ લાગે છે તેવી ફરિયાદ કરતા થયા અને બ્લડ ટેસ્ટ કરાયા ત્યારે આવા દર્દીઓનું સુગર કોરોનાનો ચેપ લાગ્યો તે અગાઉ ૯૦ થી ૧૪૦ રહેતું હતું તે ૨૫૦ થી ૪૫૦ સુધી પહોંચ્યું છે અને તેના માટે રેમડેસિવિર ઈન્જેક્શનને જવાબદાર ઠેરવવામાં આવી રહ્યું છે. જે દર્દીઓને ડૉક્ટરોએ સાજા કરવા માટે ઈન્જેક્શન સાથે સ્ટીરોઈડ ધાબડી હતી તેવા દર્દીઓની હાલત હજુ વધુ ખરાબ થઈ શકે છે.

## જન્મદિને વધામણી



દુર્ગેશભાઈ નટવરલાલ બારોટ
આકરૂન્દ, તા.ધનસુરા



કે. બી. પટેલ
(નિવૃત્ત ઈજનેર)
કપડવંજ (અરજણવાવ)



માર્ગી પ્રકાશભાઈ ખત્રી
ધનસુરા

### યુવા ડોક્ટરોની પહેલ

# બાયડના ત્રણ યુવા તબીબોએ ફ્રી કોવિડ-૧૯ ટેલિકન્સલ્ટેશન શરૂ કર્યું

## ડોક્ટર સંતાનો નવી પેઢીને રાહ ચિંધે છે, કોરોનાગ્રસ્ત દર્દીઓની માર્ગદર્શન માટે પૂછપરછ શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

રાજ્યમાં કોરોનાનો કહેર ફરી વળ્યો છે. ચેપગ્રસ્ત દર્દીઓ પાસેથી અનેક ખાનગી તબીબો તગડી ફિ



વસુલી રહ્યા છે. ક્યાંક તો ડૉક્ટરો દ્વારા ઉઘાડી લૂંટ શરૂ થયાના ગંભીર આક્ષેપ લાગ્યા છે. બાયડના ૩ યુવા તબીબોએ કોરોના સંક્રમણથી પીડીત દર્દીઓને યોગ્ય માર્ગદર્શન અને સારવાર મળે તે માટે ફ્રિ કોવિડ-૧૯ ટેલિકન્સલ્ટેશન શરૂ કર્યું છે. બાયડની ડૉ.હેત્વિ હાર્દિકભાઈ પટેલ (વિવેકાનંદ સોસાયટી), ડૉ. વશિષ્ઠ મહેન્દ્રભાઈ પટેલ(વલ્લભનગર સોસાયટી) અને ડૉ.સાર્થક સુનિલભાઈ શાહ (સ્વામિનારાયણ નગર સોસાયટી) દ્વારા કોરોનાગ્રસ્ત દર્દીઓ અને તેમના સગાઓને કોરોનાને લગતું કોઈપણ માર્ગદર્શન જોઈતું હોય તેના માટે નિ:શુલ્ક સેવા શરૂ કરી છે. હેલ્પલાઈન સેવાના નંબર જાહેર કરાતાં માર્ગદર્શન માટે પૂછપરછ શરૂ થઈ છે.

કોરોનાએ કાળા માથાના માનવીને કેવી રીતે જીવન જીવવું તે શીખવી દીધું છે. એ સાથે કોણ પરાયું, કોણ પોતાનું તેનો ભેદ પણ ઉકેલી દીધો છે. કોરોનાના કપરા કાળમાં કોરોનાગ્રસ્ત દર્દીનો ક્યારેક તેના પરિવારજનો પણ હાથ પકડતા નથી ત્યારે ધન્ય છે ડૉક્ટર અને પેરામેડીકલ સ્ટાફને કે જેઓએ પોતાના જીવ અને પરિવારની પરવા કર્યા વગર દર્દીઓની દિવસ-રાત સેવા કરી જીવ બચાવી રહ્યા છે. બાયડમાં ૩ ખાનગી સરકારી કોવિડ હોસ્પિટલ ન હોત તો..?? વિચાર કરો શું થાત.. બાયડ અને તાલુકાની પ્રજા જ તે સમજી શકે કારણ કે બાયડની ખાનગી હોસ્પિટલમાં ૧૦૦ થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. અન્ય મેડીકલ સેન્ટર કરતાં બાયડમાં એકંદરે કોવિડના દર્દીઓને મળતી સસ્તી અને સારી સારવારની એકાદ અપવાદને બાદ કરતાં પ્રસંશા થઈ રહી છે અને હવે નવલોહીયા યુવા ડૉક્ટરોએ પણ પોતાના વિસ્તારના લોકોને કોરોનાના ચેપમાંથી તેમજ કોરોનાના હાઉમાંથી બહાર કાઢવા ફ્રિ કોવિડ-૧૯ ટેલિકન્સલ્ટેશન શરૂ કર્યું છે. જોગાનું જોગ ત્રણેય યુવા ડૉક્ટરો બાયડના જાણીતા ડૉક્ટરોના સંતાનો છે. ડૉ.હેત્વિ પટેલ દરરોજ બપોરે ૩ થી ૪ (મો.૯૯૭૪૧૪૮૬૪૯), ડૉ.વશિષ્ઠ પટેલ દરરોજ સાંજે ૪થી ૫ (મો.૯૦૫૪૫ ૪૮૬૪૯) અને ડૉ.સાર્થક શાહ દરરોજ સાંજે ૫ થી ૬ (મો.૯૯૭૪૨૯૮૬૦૧) દરમ્યાન કોરોના અંગે માત્ર ટેલિફોન મારફતે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડશે.

## દુ:ખદ અવસાન



બાયડ : બાયડની સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૨ ના રહીશ(મૂફ઼ રહે. ગાબટ) ઉમેશભાઈ જયસ્વાલ (સંગઠન ઉપપ્રમુખ : બાયડ શહેર ભાજપ) દિનેશભાઈ જયસ્વાલ, મનહરભાઈ જયસ્વાલના માતા કેસરબેન જયસ્વાલનું નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન પરિસ્થિતિને કારણે લૌકિક ક્રિયા તથા બેસણું રાખેલ નથી.

# મોટાકોટડાના યુવાન અને ભુજ આર.ટી.ઓ. કચેરીના જુ.ક્લાર્કનું આકસ્મિક મોતથી ગામમાં શોક છવાયો

ઈડર તા ૭

ઈડર તાલુકાના મોટકોટડા ગામના યુવાન અને ભુજ આર.ટી.ઓ કચેરી ખાતે જુનિયર



ક્લાર્ક તરીકે ફરજ બજાવતા ગામના સરપંચ જીતભાઈ એલ.પટેલ ના પુત્ર ચિરાગ નું ભુજ ખાતે આકસ્મિક મોત થતા ગામમાં શોક છવાયો હતો. આ અંગે વધુ માહિતી અનુસાર ઈડર તાલુકાના મોટા કોટડા ગામના સરપંચ જીતભાઈ લાલજીભાઈ પટેલનો પુત્ર ચિરાગ ચૌધરી આર.ટી.ઓ કચેરી ભુજ ખાતે સિનિયર ક્લાર્ક તરીકે નોકરી કરતા હતા .તેમનું ગઈ કાલે સવારે પોતાના ક્વાર્ટર પર આકસ્મિક હાલતમાં મોત નિપજ્યું હતું.નવ યુવાન ના મોતના સમાચાર મોટકોટડા ગામે મળતા ગામમાં આઘાત સાથે શોક છવાયો હતો.યુવનવયે પુત્રના આકસ્મિક મોતથી સરપંચ જીતભાઈ પટેલ ના પરિવાર પર આભ તૂટી પડવા જેવો માહોલ સાથે પરિવાર ઘેરા શોક માં ઘરકાવ થયો છે ,અને આંજણા સમાજ અને મોટા કોટડા ગામમાં યુવાન ના મોત થી શોક ની લાગણી છવાઈ છે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ‘મારું ગામ કોરોનામુક્ત ગામ’

## કોરોનાથી ગામડાઓને બચાવવા ગુજરાત સરકારનું મહા–જનઅભિયાન




## ગ્રામીણ ગુજરાતમાં કોરોનાને હરાવવાનો દ્રઢ સંકલ્પ

- સરપંચ તેમજ ગામના આગેવાનોની બનેલી જનભાગીદારી સમિતિ દ્વારા ગામનું ૧૦૦% સર્વેલન્સ
- ગામમાં તાવ, શરદી અને ઉધરસવાળા કેસોનું ટેસ્ટીંગ
- સંક્રમણ ના ફેલાય તે હેતુથી સંક્રમિતો માટે આઈસોલેશનની અને ટ્રીટમેન્ટની ઉત્તમ વ્યવસ્થા

## ગામે–ગામ મળી રહ્યું છે આ જનઅભિયાનને સમર્થન



રાજ્યના ૩૩ જિલ્લામાં ૨૪૮ તાલુકાઓમાં ૧૪,૯૨૬ કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરનું લોકભાગીદારીથી નિર્માણ કરવામાં આવ્યું, જેમાં ૧,૩૫,૫૪૨ બેડની વ્યવસ્થા કરવામાં આવી

કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરમાં અત્યારે ૩૬૯૮ કોરોના પોઝિટિવ દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે





કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટર્સમાં ગુણવત્તાયુક્ત ભોજન અને દવાઓ સહિતની સેવાઓ ગ્રામજનોની ભાગીદારી અને ગ્રામ-પંચાયતના સહયોગથી ઉપલબ્ધ બની

પેરાસિટામોલ, ઝીંક, વિટામિન-સી અને એઝિથ્રોમાઈસીન જેવી જરૂરી દવાઓની કિટ વહેંચવામાં આવી



## ‘મારું ગામ કોરોનામુક્ત ગામ’ અભિયાનના મુખ્ય ઉદ્દેશ્યો

– ગુજરાતના ૧૮,૦૦૦ ગામોને કોરોનામુક્ત બનાવવા

– કોવિડના સામાન્ય લક્ષણ ધરાવતા દર્દીઓને અલગ કરી તેમને કોવિડ કેર સેન્ટરમાં સારવાર આપવી, જેથી ગામના અને પરિવારના અન્ય લોકોને સંક્રમિત થતા બચાવી શકાય

– ગામમાં જ જો પ્રાથમિક સારવાર મળે તો દર્દીની સ્થિતિ ગંભીર ના થાય

વ્યવસ્થાઓના મોનિટરિંગ અને વ્યવસ્થાપન માટે ગામના ૧૦ સભ્યોની જનભાગીદારી સમિતિ બનાવવામાં આવી છે

## પોતાના પરિવાર અને ગામની સુરક્ષા માટે સહયોગ આપો

**જો કોઈ કોરોના સંક્રમિત થાય અથવા તો કોરોનાના લક્ષણ જણાય તો કોવિડ કેર આઈસોલેશન સેન્ટરમાં દાખલ થઈ જવું, ત્યાં તેમને સારવારથી માંડી જમવા સુધીની બધી વ્યવસ્થાઓ મળશે અને આનાથી સંક્રમણને ફેલાતું અટકાવી શકાશે**

ગુજરાતના ગામડાઓને કોરોના સંક્રમણથી બચાવવા
મારું ગામ કોરોનામુક્ત ગામ અભિયાનને સફળ બનાવીએ
– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત